

# યુથ અને વીમેનની સ્કિલ ડેવલપ કરાઈ

ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી, ગાંધીનગરમાં તાજેતરમાં યુથ અને વીમેનના સ્કિલ ડેવલપમેન્ટ માટે 'નીવ' પ્રોગ્રામનું આયોજન કરાયું હતું. નીવનો અર્થ નર્ચર એન્ડ એમ્પાવર આંત્રપ્રિન્યોરલ વેન્ચર્સ થાય છે. જે આઇઆઇટી ગાંધીનગરની ઇનિશિએટિવ છે. જેમાં ગ્રાસરૂટ લેવલ પર લોકોની સ્કિલ્સ ડેવલપ કરવા અને લોકો તેમની જાતે કામ કરી શકે તેમાં મદદ કરાય છે. આ અંતર્ગત 100 જેટલા પાર્ટિસિપેન્ટ્સને અલગ-અલગ વોકેશનલ ટ્રેનિંગ અપાઈ હતી. આઠ અઠવાડિયાં લાંબા આ કોર્સમાં 34 પાર્ટિસિપેન્ટ્સે વાયરિંગ, મશિનિંગ, પ્લમ્બિંગ અને વેલ્ડિંગનો અનુભવ મેળવ્યો હતો. તો 30 જેટલા પાર્ટિસિપેન્ટ્સે કમ્પ્યુટર કોર્સમાં ભાગ લીધો હતો. 26 પાર્ટિસિપેન્ટ્સે સ્પોકન ઇંગ્લિશ કોર્સ અને 31 લોકોએ સ્ટીચિંગ કોર્સમાં ભાગ લીધો હતો. પ્લમ્બિંગ જેવા કામ શીખનારા પાર્ટિસિપેન્ટ્સને બેઝિક ટૂલ કિટ પણ અહીં અપાઈ હતી. નોંધનીય છે કે નીવની એક્ટિવિટિઝ કરવા માટે દેસાઈ ફાઉન્ડેશન ટ્રસ્ટ પણ સંસ્થાની મદદ કરી રહ્યું છે. AhmedabadSamay







Title: Skills development of youth and women

Source: NavGujarat Samay (Ahmedabad Samay; Pg. No. 3)

Link: http://epaper.navgujaratsamay.com//imageview_10614_43808_4_72_14-06-2018_3_i_1_sf.html

Date: 14-06-2018